## નાના બોરસરા ગામમાં તસ્કરો ઘરેણાં ચોરી ગયા

**સુરત** લગ્નમાં હાજરી આપી ચૌહાણ પરિવાર દાગીના મૂળ વતનમાં મૂકી અંકલેશ્વર નીકળી ગયો હતો


ઈબ્રાહીમ કાનુ


હથોડા : કોસંબા નજીકના નાના બોરસરા ગામે બંધ મકાનને ચોરોએ નિશાન બનાવી રૂપિયા બે લાખના સોના ચાંદીનાં ઘરેણાંની ચોરી કરી ગયાની ફરિયાદ કોસંબા પોલીસ ચોપડે નોંધાવા પામી છે.

મૂળ નાના બોરસરા ગામના વતની અજીતસિંહ કેસરીસિંહ ચૌહાણ ખેતી સાથે વાલિયાના કુંડ ખાતે આવેલી ગુજરાત ગાર્ડિયન કંપનીમાં નોકરી કરે છે. હાલમાં તેઓ અંકલેશ્વરની સન સિટી સોસાયટીમાં પરીવાર સાથે રહે છે. ગઈ તારીખ 14મીના રોજ સવારે 11:00 કલાકે તેઓ પત્ની પ્રભાવતી સાથે નાના બોરસરા ગામે આવ્યા હતા અને થોડો સમય રોકાઈને સુરત ખાતે સંબંધીના ત્યાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. ત્યાંથી આવીને તેમના પત્ની સોના ચાંદીનાં ઘરેણાં કબાટને તિજોરીમાં મૂકીને પરત અંકલેશ્વર ચાલ્યા ગયા હતાં. દરમિયાન તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. મુખ્ય દરવાજો તોડી માસ્ટર બેડરૂમમાં રાખેલા કબાટમાંથી ચોરટા બે નંગ સોનાના સેટ, સોનાની ચાર વીંટી અને ચાંદીના 8 સિક્કા મળીને કુલ રૂપિયા 1.95000ના ઘરેણાની ચોરી કરી ગયા હતા બનાવ અંગે કોસંબા પોલીસે ફરિયાદ દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

## ભરૂચમાં ચોમાસા પૂર્વે જ પૂરની સ્થિતિ!

**પાંચબત્તી** વિસ્તારમાં પાણી ભરાતાં સ્થાનિકો પરેશાન

**ભરૂચ** કોંગ્રેસે ભરૂચ નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી



ભરૂચ: ભરૂચ શહેરના મુખ્ય માર્ગો પૈકીના એક એવા સેવાશ્રમ રોડ પર અંદાજિત 5 કરોડ રૂપિયાના અધધ ખર્ચે કરવામાં આવેલી પેવર બ્લોકની નવીનીકરણની કામગીરીમાં મોટી ગેરરીતિ અને અણઘડ કામગીરી થઈ હોવાની ગંભીર ફરિયાદો ઊઠી છે. ભરૂચ શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સલીમ અમદાવાદી દ્વારા ભરૂચ નગરપાલિકાના ચીફ ઓફિસરને ફોટોગ્રાફ્સ સાથે લેખિત રજૂઆત કરી આ આયોજનવિહોણી કામગીરી અંગે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસની રજૂઆતમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, રસ્તાના નવીનીકરણના હેતુથી પાલિકા દ્વારા મસમોટો ખર્ચ કરવામાં આવ્યો છે, પરંતુ કામગીરી એટલી હદે અણઘડ છે કે ચોમાસાના વરસાદ પહેલા જ પાંચબત્તી વિસ્તારમાં પાણી ભરાવવાની શરૂઆત થઈ ગઈ છે. વરસાદ ન હોવા છતાં આ વિસ્તારમાં પાણીના મોટાં ખાબોચિયાં ભરાઈ રહે છે અને પાણીના નિકાલ માટે ક્યાંય કોઈ જ યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવી નથી. છેલ્લા 3થી 4 દિવસથી સ્થાનિક નાગરિકો દ્વારા આ જળભરાવની સમસ્યા અંગે ફોટોગ્રાફ્સ મોકલીને સતત ફરિયાદો કરવામાં આવી રહી છે, તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવાયાં નથી. કોંગ્રેસ પ્રમુખે ચીફ ઓફિસરનું ધ્યાન દોરતાં જણાવ્યું છે કે, સેવાશ્રમ રોડની આ દયનીય સ્થિતિ અને પાણી ભરાવાની સમસ્યા અંગે અગાઉ પણ તેમના દ્વારા એક લેખિત અરજી આપવામાં આવી હતી, પરંતુ તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવ્યા છે.

બ્લોક બેસાડવાના નામે પાલિકાના અણઘડ વહીવટને કારણે સ્થાનિકોની મુશ્કેલીમાં ઓર વધારો થયો છે. કોંગ્રેસ દ્વારા સીધી ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે, જો પાલિકા તંત્ર દ્વારા આ જળભરાવ અને પાણીના નિકાલની સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સુરત ખાતે કમિશનર કચેરીમાં સીધી ફરિયાદ કરી આ સમગ્ર બાબતે ઉગ્ર રજૂઆત કરવી પડશે. હાલ તો 5 કરોડના ખર્ચે બનેલા રોડ પર પ્રાથમિક નિકાલ વ્યવસ્થાના અભાવને લઈને ભરૂચ નગરપાલિકાની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.

## પલસાણામાં ઓટો ગેરેજવાળા પણ પત્રકારત્વ કરવા લાગ્યા

**તાંતીથૈયામાં** વિડીયો શૂટિંગની અદાવતમાં ઓટો ગેરેજમાં ઘૂસી પત્રકારને લાફો માર્યો

પલસાણા : સુરત ગ્રામ્યના પલસાણા તાલુકાના તાંતીથૈયા ગેટ સામે આવેલી ઓટો ગેરેજ પર પત્રકારત્વ સાથે જોડાયેલા એક યુવક પર હુમલો થતાં ચકચાર મચી ગઈ છે. વિડીયો શૂટિંગ કરવા બાબતની અદાવત રાખીને સ્થાનિક શખ્સે ઓટો ગેરેજમાં ઘૂસી, કોલર પકડી લાફો માર્યો હતો અને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

જોળવા ગામની ધરમ ભક્તિ રેસિડેન્સીમાં રહેતા આશિષ લલીતભાઈ ઝા (ઉં.વ.૩૦) રિપોર્ટર તરીકે કામ કરે છે અને તાંતીથૈયા ગેટની સામે 'AL ઓટો ઝોન સેલ એન્ડ સર્વિસ' નામની ઓટો ગેરેજ પણ ચલાવે છે.

ગત ૨૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે તેઓ પ્રેસને લગતી માહિતી મેળવવા માટે જોળવા ગામની આઈસીઆઈસીઆઈ બેંકવાળી ગલીમાં વિડીયો શૂટિંગ કરવા ગયા હતા.

તે સમયે ત્યાં સ્થાનિક રહીશ વિરૂ સિંઘ ઉર્ફે વિરૂનો દીકરો ગલ્લા પર હાજર હતો. આ શૂટિંગની અદાવત રાખીને થોડી જ વારમાં વિરૂ સિંઘ કેટલાક અજાણ્યા ઈસમો સાથે આશિષભાઈની ગેરેજ પર ધસી આવ્યો હતો. ગાળો આપી કોલર પકડ્યો અને ચપ્પુ બતાવ્યું આરોપી વિરૂ સિંઘે ગેરેજ પર આવીને આશિષભાઈને ગાળો આપી 'કેમ મારા ગલ્લા બાજુ આવે છે?' તેમ કહી કોલર પકડીને એક લાફો મારી દીધો હતો. ગેરેજ પર હાજર આશિષભાઈના ભાઈ અને કારીગરોએ વચ્ચે પડીને તેમને છોડાવ્યા હતા. જતાં-જતાં આરોપીએ પોતાની પાસે રહેલું ચપ્પુ બતાવી ધમકી આપી હતી કે 'જો બીજીવાર મારા ગલ્લા બાજુ આવીશ તો તને જાનથી મારી નાખીશ'.

સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ, પોલીસ તપાસ શરૂ બનાવ વખતે કોઈ ગંભીર ઈજા ન થઈ હોવાથી ફરિયાદીએ તાત્કાલિક ફરિયાદ કરી ન હતી, પરંતુ આરોપી ફરી હુમલો કરી શકે તેવી આશંકા હોવાથી આખરે ગઈકાલે ૧૯ મેના રોજ કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## 'ભરૂચ સબજેલ મેં મોબાઈલ આ ચૂકા હૈ'

**અમદાવાદની** જડતી સ્ક્વોડના આકસ્મિક ચેકિંગમાં મોબાઈલ મળી આવતાં સુરક્ષા સામે પ્રશ્નાર્થ




ભરૂચ: ભરૂચ જિલ્લા સબ જેલમાં અમદાવાદની ઝડતી સ્ક્વોડના આકસ્મિક ચેકિંગ દરમિયાન એક બિનવારસી મોબાઈલ ફોન મળી આવતા જેલ પ્રશાસનમાં દોડધામ મચી ગઈ છે. સુરક્ષામાં મોટી ચૂક સમાન આ ઘટનાને પગલે પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જેલની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી માટે અમદાવાદની વિશેષ સ્કોડ દ્વારા ભરૂચ સબ જેલમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન શૌચાલય વિસ્તારની તપાસ કરતાં ત્યાં પોખરામાંથી નોકિયા કંપનીનો 1 કીપેડ (નાનો) મોબાઈલ ફોન મળી આવ્યો હતો. આ પ્રતિબંધિત વસ્તુ જેલની અંદર પહોંચતાં તંત્રની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સમગ્ર મામલે ભરૂચ B ડિવિઝન પોલીસે અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ફોન જેલની અંદર કેવી રીતે પહોંચ્યો અને તેનો ઉપયોગ કયા કેદીઓ કરતાં હતા, તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. સત્ય બહાર લાવવા માટે પોલીસ દ્વારા જેલના CCTV ફૂટેજની ચકાસણી કરવામાં આવી રહી છે, તેમજ કેદીઓ અને જેલ સ્ટાફની પણ ઝીણવટભરી પૂછપરછ કરવામાં આવી રહી છે.

## વડોલી ગામે તળાવ ખોદકામ મામલે દંપતી પર હુમલો

કીમ: કીમ પોલીસ સ્ટેશન વિસ્તારના વડોલીમાં તળાવ ઊંડું ખોદવા બાબતે થયેલી તકરારમાં દંપતી પર હુમલો કરતાં મામલો કીમ પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. ભોગ બનનાર મહિલા સર્મિષ્ઠાબેન બારડે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ અનુસાર વડોલી ગામના તળાવમાં મંજૂરી કરતાં વધુ ઊંડું ખોદકામ થતું અટકાવવા માટે મહિલા અને તેમના પતિ ગયાં હતાં. કારણ કે તેનાથી ચોમાસામાં તેમનું ઘર પડી જવાનો ભય હતો. આ બાબતે બોલાચાલી થતાં ગામના જ હિતેન્દ્રસિંહ ચંદ્રસિંહ વાસીયા, જનકસિંહ વાસીયા અને યોગેન્દ્રસિંહ બારડ ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓએ ગાળાગાળી કરી, મહિલાને તમાચો માર્યો તેમજ છાતીના ભાગે ધક્કો મારી નીચે પાડી દીધાં હતાં. આરોપીઓએ 'જો હવે ના પાડવા આવ્યા તો તળાવમાં દાટી દઈશું' તેવી ધમકી આપી હતી. કીમ પોલીસે ત્રણેય સામે બી.એન.એસ. હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

## ઉતારા ગામમાં પેટનો ભાગ ખવાયેલી હાલતમાં દીપડાનું 8 માસનું બચ્ચું મળ્યું

**બે** દીપડા હિંસક લડાઈ લડી રહ્યા હોવાની માહિતી વન વિભાગને મળી હતી

**દીપડાએ** માદા સાથે સમાગમ કરવા માટે આ બચ્ચાને મારી નાંખ્યું હોવાની શક્યતા



બારડોલી: બારડોલીના ઉતારા ગામની સીમમાં આવેલ એક ખેતરમાંથી ૭થી ૮ મહિનાનું દીપડાનું બચ્ચુ મૃત હાલતમાં મળી આવ્યું છે. જો કે પ્રાથમિક તપાસમાં કોઈ દીપડાએ જ આ બચ્ચાને મોતને ઘાટ ઉતાર્યું હોવાનું સામે આવ્યું છે. વન વિભાગે મૃતદેહનો કબજો મેળવી પેનલ પીએમ બાદ અગ્નિસંસ્કારની તજવીજ હાથ ધરી છે.

ઉતારા ગામ પાસે નવદુર્ગા સોસાયટીના રહીશ દિનેશભાઈ પટેલના ખેતરમાં બુધવારે સવારે આંબાવાડી સાચવતા મજૂરને દુર્ગંધ આવતા તપાસ કરતાં શેરડીના ખેતરમાંથી દીપડાનું બચ્ચુ મૃત હાલતમાં મળી આવ્યું હતું. તેનો પેટનો ભાગ ખવાયેલી હાલતમાં હતો. આ અંગે 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીન રાઠોડ અને તેન સામાજિક વનીકરણ રેંજના કર્મચારી મેહુલભાઈએ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી.

બીજી તરફ, આ જ વિસ્તારની નજીક આવેલા અશ્વિનભાઈ પટેલ અને બાબુભાઈ પટેલના ખેતરો પાસે બે દીપડાઓ હિંસક લડાઈ લડી રહ્યા હોવાની માહિતી વન વિભાગને મળી હતી. સ્થાનિક આગેવાનો અને મજૂરોએ બે દીપડાની લડાઈનો અવાજ સાંભળ્યો હતો.

જતીન રાઠોડના અનુમાન મુજબ, વિસ્તારમાં બે દીપડા વચ્ચે વર્ચસ્વની લડાઈ હોઈ શકે અથવા નર દીપડાએ માદા સાથે સમાગમ કરવા માટે આ બચ્ચાને મારી નાખ્યું હોય તેવી પૂરેપૂરી શક્યતા છે.

## બારડોલી તા.પં.માં ચૂંટણી પહેલાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજવા સામે વિરોધ

**કોંગ્રેસે** વિકાસ કમિશનરને પત્ર લખ્યો

બારડોલી: બારડોલી તા.પં.ના પ્રમુખ-ઉ.પ્ર.ની ચૂંટણી પ્રક્રિયાને લઈને વિવાદ સર્જાયો છે. બારડોલી તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો.અનુપ પી.વ્યાસ અને પ્રદેશ મહામંત્રી તરુણ વાઘેલા દ્વારા ગુજરાત રાજ્યના વિકાસ કમિશનરને એક લેખિત પત્ર પાઠવીને આ આગામી ચૂંટણી રદ કરવા અથવા તેને પરિણામો પછી યોજવા માટે રજૂઆત કરાઈ છે.

ગત ૧૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ બારડોલીની 'અસ્તાન' બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ધર્મેશભાઈ રમેશભાઈ રાઠોડનું અવસાન થયું હતું. ઉમેદવારના અવસાનને પગલે ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અસ્તાન બેઠક પરની ચૂંટણી રદ જાહેર કરવામાં આવી હતી. રાજ્ય ચૂંટણી આયોગના આદેશ અનુસાર હવે અસ્તાન બેઠક પર આગામી ૨૪ મે-૨૦૨૬ના રોજ મતદાન થવાનું છે અને તેનું પરિણામ ૨૬ મે-૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવશે. બીજી તરફ સુરત ડીડીઓ દ્વારા બારડોલી તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી માટે પણ ૨૩ મે-૨૦૨૬ના રોજ જ ચૂંટણી યોજવા અંગેનો એજન્ડા બહાર પાડી દેવામાં આવ્યો છે.

તાલુકા કોંગ્રેસ પ્રમુખ વ્યાસે આક્ષેપ કર્યો છે કે ચૂંટણી પ્રક્રિયા અધૂરી રાખીને પ્રમુખ પદની ચૂંટણી યોજવી એ લોકશાહીના નિયમોની વિરુદ્ધ છે. તેમણે રજૂઆતમાં જણાવ્યું છે કે, હરીફ ઉમેદવારના અવસાનને કારણે મોકૂફ રહેલી ચૂંટણી એ સામાન્ય ચૂંટણીનો જ એક ભાગ ગણાય. અસ્તાન તાલુકા પંચાયતની બેઠક એસ.ટી. (ST) અનામત બેઠક છે. જો ૨૩ મેના રોજ જ પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજી દેવામાં આવે, તો આ બેઠક પરથી વિજેતા બનનારા ઉમેદવાર પોતાનો કીમતી મત આપવાના અધિકારથી વંચિત રહી જશે અને તેમનો હક છીનવાઈ જશે. કોંગ્રેસે વિકાસ કમિશનરને નમ્ર અપીલ કરી છે કે અસ્તાન બેઠકનું પરિણામ ૨૬ મે-૨૦૨૬ના રોજ જાહેર થઈ ગયા બાદ જ પ્રમુખ/ઉપપ્રમુખની ચૂંટણી યોજવામાં આવે તે માટે સંબંધિત અધિકારીઓને સત્વરે જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવે. આ પત્રની નકલ ડેપ્યુટી કલેક્ટર, ટીડીઓ અને બારડોલીના તાલુકા ચૂંટણી અધિકારીને પણ જાણ સારું રવાના કરવામાં આવી છે.

## રાજપીપળામાં એકતરફી પ્રેમમાં છ માસથી યુવતીને પજવતા રોમિયો સામે ફરિયાદ

**ઘરની** આસપાસ પોતાનો મોબાઈલ ફોન બતાવી બીભત્સ ઈશારા પણ કરતો હતો

રાજપીપળા: રાજપીપળાના કસ્બાવાડમાં એક જ મહોલ્લામાં રહેતો આ યુવક તે જ વિસ્તારની એક યુવતીના એકતરફી પ્રેમમાં હતો. તે અવારનવાર યુવતીને રસ્તામાં રોકી કે ઘરની આસપાસ પોતાનો મોબાઈલ ફોન બતાવી, મેસેજ કરવાના ઈશારા કરતો હતો. એટલું જ નહીં, જ્યારે પણ યુવતી એકલી ઘરની બહાર નીકળતી, ત્યારે આરોપી તેનો પીછો કરતો હતો.

પીડિત યુવતીનો આરોપ છે કે, આ રોમિયો તેની પાસે પરાણે પ્રેમસંબંધ બાંધવાની જીદ કરતો હતો અને તેનો મોબાઈલ નંબર માંગવા માટે દબાણ કરતો હતો. યુવતી જ્યારે તેની વાત ન માને ત્યારે તે જાહેરમાં જ તેની સામે એકધારું જોઈ રહી બીભત્સ ઈશારા કરતો હતો. છેલ્લા છ મહિનાથી ચાલી રહેલા આ માનસિક ત્રાસના કારણે યુવતી ભારે ભય અને અસલામતી અનુભવી રહી હતી. આખરે દીકરીની સુરક્ષાને ધ્યાનમાં રાખી તેના પરિવારજનોએ હિંમત દાખવી રાજપીપળા ટાઉન પોલીસ મથકમાં આ અંગે લેખિત ફરિયાદ નોંધાવી છે.

## કપુરા ગામની આધેડ મહિલા લાપતા

વ્યારા: વ્યારાના કપુરા ગામની 45 આધેડ મહિલા જયશ્રીબેન નાથાભાઈ પરમાર ગત તા.18-5-2026ના રોજ સાંજે 7 વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી "વ્યારા ઢોસા ખાવા જાઉં છું" કહી નીકળ્યા બાદ પરત નહીં ફરતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. કોઈ પત્તો નહીં લાગતાં અંતે પોલીસમાં ગુમ થવાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

## ચલથાણના વૃદ્ધ ગુમ

પલસાણા: પલસાણાના ચલથાણ ખાતે આવેલી સાંઈ રેસિડેન્સીમાં રહેતા ૭૬ વર્ષીય જનકરાય મણીભાઈ દેસાઈ ગત તા.૧૬/૫/૨૦૨૬ના રોજ સાંજના આશરે ૬:૩૦ વાગ્યે મોજે-સાંઈ ફર્નિચર ચલથાણ ખાતેથી ક્યાંક ચાલ્યા ગયાં છે અને ગુમ થયાં છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પલસાણાના એનામાં કેળાંની આડમાં દારૂની હેરાફેરી, રૂ.૯.૪૭ લાખનો મુદ્દામાલ કબજે


ઈલ્યાસ શેખ

પલસાણા: સુરત LCB પોલીસે બાતમીના આધારે પલસાણાના એના ટોલનાકા પાસે નાકાબંધી કરીને કેળાની આડમાં લઈ જવાતો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. મહારાષ્ટ્ર પાસિંગની બોલેરો પિકઅપ નં. (MH-06-BG-0624)માંથી પોલીસે ૪.૪૨ લાખની કિંમતની ૩,૪૨૦ નંગ દારૂની બાટલીઓ અને બીયરના ટીન જપ્ત કર્યાં છે. પોલીસે દારૂ, ગાડી અને મોબાઈલ મળી કુલ ૯.૪૭ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી ચાલક આકીબ ગફાર ખાન (રહે. નવાપુર)ની ધરપકડ કરી છે. પૂછપરછમાં સામે આવ્યું કે ૧૦,૦૦૦ની લાલચે આ જથ્થો શિરપુરથી ભરૂચ હાઈવે પહોંચાડવાનો હતો. પોલીસે દારૂ મંગાવનાર સુરતના 'નાના' સહિત અન્ય ત્રણ વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### બારડોલીના તરભોણ ગામની મિલમાં ગરમ માલ પર શ્રમિક લપસી પડતાં દાઝી ગયો

બારડોલી: મૂળ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ (ઇલાહાબાદ) ના વતની અને હાલ તરભોણ ગામની નેક્ષોન કંપનીની લેબર કોલોનીમાં રહેતા ૪૫ વર્ષીય રાજુભાઈ રામસેવક ડામીયા કંપનીમાં મજૂરી કામ કરે છે. ગત તારીખ ૧૯/૦૫/૨૦૨૬ના રોજ મોડી રાત્રે આશરે ૧૨:૦૫ વાગ્યાના સુમારે તેઓ પાઉડર પકવવાની ટાંકીમાં પાઉડર નાંખવાની ફરજ બજાવી રહ્યા હતા. તે દરમિયાન ટાંકીમાંથી પેપર બનાવવાનો માલ પાકીને અચાનક બહાર આવી નીચે પડવા લાગ્યો હતો. આ અંગે ઓપરેટરને જાણ કરવા માટે રાજુભાઈ દોડ્યા હતા, પરંતુ કમનસીબે ટાંકીમાંથી નીચે પડેલા અત્યંત ગરમ માલ પર તેમનો પગ પડીજતાં દાઝી ગયા હતા. ઘટના અંગે બારડોલી રૂરલ પોલીસે આ અંગે જાણવા જોગ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વ્યારાના કુંભારવાડમાં માલિકીની જમીન વિધર્મીઓએ હડપી લીધાની ફરિયાદ

વ્યારા: વ્યારામાં સિટી સરવે નં.3133માં રહેતા વિધર્મીઓ અને તેના મળતિયા ઈસમો સંજય શાહ અને ભરતેશ શાહ દ્વારા કુંભારવાડના રહીશોની માલિકીની જમીન ખોટી રીતે પડાવી લેવા સહિત લેન્ડગ્રેબિંગની ખોટી અરજી કરી હેરાનગતિ કરવા સહિતના મુદ્દે ગતરોજ વ્યારાના કુંભારવાડના રહીશોએ તાપી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વ્યારા ટાઉન સિટી સરવે નં.૩૧૩૩ની જગ્યાની માપણી બાબતે વ્યારાના કુંભારવાડ નગરજનોને વાંધો હોય જે બાબતે નગરજનો દ્વારા તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ વાંધા અરજી તાપી કલેક્ટરને આપવામાં આવી છે. જે અરજી વ્યારાના નાયબ કલેક્ટરની કચેરીમાં ટ્રાન્સફર થઈ છે. જે હાલ પેન્ડિંગ છે. ત્યારે હાલ કોઈપણ જાતની નોટિસ આપ્યા વિના આ સ્થળે જમીન માપણી કરવાની ગતિવિધિ થતાં કુંભારવાડના રહીશોએ વાંધો ઉઠાવ્યો હતો.

### રાજપીપળાના હરસિધ્ધિ માતાના મંદિર પાસે દુકાનમાં આગ લાગી


દીપલ સોની

રાજપીપળા: રાજપીપળાના પ્રખ્યાત હરસિધ્ધિ માતાના મંદિર પરિસરમાં ગત રાત્રે શોર્ટ સર્કિટના કારણે સંજયભાઈ માલીની દુકાનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. સદનસીબે નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમે સમયસર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો, જેના કારણે મોટી હોનારત ટળી હતી. રાજપીપળા અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા બે મહિનામાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની આ ત્રીજી ઘટના છે. આ અગાઉ નવા ફળિયા, દોલત બજાર અને નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં પણ આવા જ બનાવો બની ચૂક્યા છે. સ્થાનિક રહીશના જણાવ્યાનુસાર શહેરમાં લાંબા સમયથી પાવરના વોલ્ટેજમાં ભારે ઉતાર-ચઢાવ (ફ્લક્ચ્યુએશન) જોવા મળી રહ્યો છે.

### બાકોરપોર ટિંબી ગામે ટ્રેક્ટર અને બાઈક અથડામણમાં એકનું મોત

જંબુસર: જંબુસરના બાકોરપોર ટિંબી ચોકડી પાસે મંગળવારે સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં એક જ બાઇક નં.((નં. GJ 20 BM 8635) પર સવાર થઈને ત્રણ યુવાનો બાકોરપોર ટિંબીથી મદાફર તરફ જઈ રહ્યા હતા, ત્યારે સામેથી આવતા એક અજાણ્યા ટ્રેક્ટરે તેમને જોરદાર અડફેટે લીધા હતા. આ ગંભીર અકસ્માતમાં ૫૫ વર્ષીય નવલિસંગ સંગાડીયાનું મોત નીપજ્યું હતું. જ્યારે બાઇક પર સવાર અન્ય બે યુવાન કાળુભાઈ સંગાડીયા અને રતનભાઈ બબેરીયાને સારવાર અર્થે ખસેડાયા છે. જંબુસર પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કડોદરામાં રિક્ષાગેંગ દંપતીના 50 હજાર સેરવી ગઈ

પલસાણા: કડોદરાના ક્રિષ્ના નગર ખાતે રહેતા અને મૂળ બિહારના નાલંદા જિલ્લાના માનસિંગપૂર ગામના વતની અનિલકુમાર બુદ્ધનસિંહ સિંગ કડોદરાની એક ખાનગી મિલમાં વોચમેનની નોકરી કરે છે. તેમના સાળાની દીકરીના લગ્ન હોવાથી તેમણે ગત 13મી એપ્રિલના રોજ કડોદરાની ફેડરલ બેન્કમાંથી રૂ.50 હજાર ઉપાડ્યા હતા. રોકડ રકમ ઉપાડી તેઓ કડોદરા ચોકડી પાસેથી રિક્ષા પકડી ક્રિષ્ના નગર જવા માટે નીકળ્યા હતા. રિક્ષામાં પહેલાંથી એક મુસાફર બેસેલો હતો. તેણે અનિલકુમારને થોડા આગળ ખસો એમ કહી વારંવાર હેરાન કરતો હતો અને રિક્ષાચાલકે પણ દંપતીને સીએનજી પંપ પહેલાં જ ઉતારી દઈ રિક્ષા હંકારી ગયો હતો. તેમને શંકા જતાં પેન્ટના ખિસ્સા તપાસતા અંદરથી રૂ.50 હજાર રોકડા ગાયબ હતા. તેમણે કડોદરા પોલીસમથકમાં આ બાબતે ફરિયાદ નોંધાવી હતી.


**નામ બદલેલ છે**

મારૂ જુનુ નામ શાહ જીગ્નાબેન નિકુંજ હતું જે બદલીને નવું નામ શાહ જીગ્ના નિકુંજ રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.

સરનામું:- રાયકવાડ સ્ટ્રીટ, વ્યારા, જિ. તાપી. ૩૯૪૬૫૦



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૦૬/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- યાકુબ અલ્લીમીયા સૈયદ, રહે.૧૫૪, આરજુ રેસીડેન્સી, તરસાડી, કોસંબા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ સબરજીસ્ટ્રાર તરસાડી નગરપાલિકા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી યાકુબ અલ્લીમીયા સૈયદ, રહે.૧૫૪, આરજુ રેસીડેન્સી, તરસાડી, કોસંબા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦એ તેઓના પુત્રી ફૈઝા યાકુબ સૈયદનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ફૈઝા યાકુબ સૈયદ ૨. જન્મ તારીખ: ૧૬/૦૮/૨૦૦૩ ૩. જન્મનું સ્થળ: મોજે.તરસાડી, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે ફૈઝા યાકુબ સૈયદના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૭/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૦૭/૨૦૨૬
તા.૧૧/૦૫/૨૦૨૬

વાદી :- યાકુબ અલ્લીમીયા સૈયદ, રહે.૧૫૪, આરજુ રેસીડેન્સી, તરસાડી, કોસંબા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કોસંબા ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી યાકુબ અલ્લીમીયા સૈયદ, રહે.૧૫૪, આરજુ રેસીડેન્સી, તરસાડી, કોસંબા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦એ તેઓના પુત્રી નૌશીન યાકુબ સૈયદનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: નૌશીન યાકુબ સૈયદ ૨. જન્મ તારીખ: ૦૪/૦૮/૧૯૯૯ ૩. જન્મનું સ્થળ: મોજે.કોસંબા, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે નૌશીન યાકુબ સૈયદના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૭/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત



Milano MULTIPLEX
બારડોલી

Pati Patni Aur Woh Do
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm

Dharpakad-Gujarati
03:00pm, 09:30pm

Raja Shivaji - 05:30pm

Bhooth Bangla - 11:00am

Dhabkaaro-Gujarati
12:00pm

Krishnavataram Part 1 - The Heart
02:00pm, 06:00pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



**શ્રી કામરેજ વિભાગ નાગરિક બચત અને ધિરાણ કરનારી સહકારી મંડળી લી.**
ઠે.બસેરા સોસાયટી, કામરેજ ચારરસ્તા, તા.કામરેજ

**જાહેર ખબર**

આથી સંસ્થાનાં તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની બત્રીસમી વાર્ષિક સાધારણ સભા તારીખ. ૨૯-૦૫-૨૦૨૬ ને શુકવાર નાં રોજ સવારે ૧૦-૦૦ કલાકે કેળા મંડળી હોલ કામરેજ ચારરસ્તા મુકામે રાખવામાં આવેલ છે. જેમાં દરેક સભાસદ ભાઈ-બહેનોને સમયસર પધારવા આગ્રહભરી વિનંતી છે.

તા.ક. :- જે સભાસદને હેવાલ મળ્યો ન હોય તેઓએ ઓફિસ સમય દરમ્યાન સંસ્થાની ઓફિસેથી હેવાલ મેળવી લેવા વિનંતી.

ડેવીસકુમાર એસ. પટેલ
પ્રમુખ

જતીનકુમાર એન. પટેલ
ઉપપ્રમુખ

રાજુભાઈ જે. પટેલ
માનદ્ મંત્રી